GJGS040030722020

| | | | |
|---|---|---|---|
| **આંક** | | | |
| **દાખલ કર્યા તારીખ** | ૧૬ | ૧૨ | ૨૦૨૦ |
| **રજીસ્ટર્ડ કર્યા તારીખ** | ૧૬ | ૧૨ | ૨૦૨૦ |
| **ફેંસલ કર્યા તારીખ** | ૩૦ | ૦૭ | ૨૦૨૬ |
| **સમયગાળોઃ** | **દિવસ** | **માસ** | **વર્ષ** |

**મહેરબાન ઉનાના એડીશનલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ**

**રે.દિ.મુ.નં. ૨૫૫/૨૦૨૦**

વાદીઃ **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
મુખ્ય કચેરી રાજકોટ,
પેટા કચેરી, ઉના સીટી.

**વિ રૂ ધ્ધ**

પ્રતિવાદીઃ **આતુભાઈ પીઠાભાઈ વાજા**
ઉ.વ. ૩૮, ધંધો – મજુરી,
રહે. તપોવન મંદિર સામે, ચાંચકવડ રોડ,
ખોડીયાર મંદિર પાસે, તા. ઉના.

દાવોઃ– **વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ – ૧૫૪(૫) મુજબ પાવરચોરીના બિલની રકમ રૂ. ૫૪,૪૧૪.૯૭ પૈસા વસુલ લેવા અંગે..**

---

| | | |
|---|---|---|
| **વાદી તરફે વિ.વ.શ્રી** | – | પી.પી. ભટ્ટ |
| **પ્રતિવાદી તરફે વિ.વ. શ્રી** | – | એચ.એન. શાહ |

---

**– ઃ ચુ કા દો ઃ–**

(૧) આ કામના વાદીના દાવાની ટુંક હકીકત એવી છે કે, વાદી સંસ્થા "રીઓર્ગેનાઇઝેશન એન્ડ કો–ઓપરેહેન્સીવ ટ્રાન્સફર સ્કીમ – ૨૦૦૩" મુજબ ગવર્મેન્ટ ઓફ ગુજરાતના આદેશ પ્રમાણે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને જી.ઈ.બી. ના લેણા – દેણા, સત્તાઓ અધિકારો વિગેરે આ એક્ટ હેઠળ ટ્રાન્સફર થઇ વાદીને પ્રાપ્ત થયેલ છે. વાદીની કોર્પોરેટ ઓફીસ રાજકોટ છે તથા ડીવીઝન ઓફીસ ઉના છે તેમજ સબ ડીવીઝન ઓફીસ ઉના છે. વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડની સબ ડીવીઝન કચેરી ઉના સીટી છે, જેના નાયબ ઈજનરને દાવા અરજીમાં સહી કરવા તથા એકરાર કરવા, સોગંદનામું કરવા, જુબાની આપવા તથા તેને આનુષાંગીક તમામ કાર્યવાહીઓ કરવા કાયદેસરના અધિકારો આપવામાં આવેલ છે. દાવામાં સહી કરનાર વાદી સંસ્થાના અધિકૃત અધિકારી છે. વાદી ગુજરાતમાં તેના વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પુરા પાડવાનું કાર્ય કરે છે. પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોય કાયદેસર રીતે વીજ જોડાણ મેળવેલ નથી અને તેઓ કાયદેસર ગ્રાહક નથી. તા. ૨૩/૦૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીની હાજરીમાં વાદીના અધિકારીઓ દ્વારા પ્રતિવાદીના ખેતરે ચેકીંગ કરતા પ્રતિવલાદીએ તેમના ખેતર પાસેથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણની લાઇનમાં વાયર જોડીને તેમના ખેતરની બાજુમાં આવેલ ખરાબાની જમીનમાં બનાવેલ કુવામાં પાંચ હોર્સ પાવરની મોટર દ્વારા પાવરચોરી કરતા પકડી પાડેલ હોય વાદી કંપની તરફથી પ્રતિવાદીને વીજચોરી અંગેનું રૂ. ૪૯,૩૨૬.૮૭ પૈસાનું બિલ મોકલાવેલ, જે બિલની રકમ પ્રતિવાદીએ ભરવાની દરકાર કરેલ નથી. જે અંગે વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદીને નોટીસ આપવામાં આવેલી તેમ છતાં પ્રતિવાદીએ બિલની રકમ ભરવાની દરકાર કરેલ નથી. વાદીની કંપનીના

નિયમ અનુસાર જો કોઇ પણ બિલની રકમ દિવસ – ૧૫ માં ભરપાઇ ન થાય તો ધોરણસરનો ડીલે પેમેન્ટ ચાર્જ વસુલ કરવામાં આવે છે. જે મુજબ પ્રતિવાદી પાસે રૂ. ૪૯,૩૨૬.૮૭ પૈસા પાવર ચોરીના બિલના તેમજ રૂ. ૫,૦૮૮.૧૦ પૈસા ડીલે પેમેન્ટ ચાર્જના એમ કુલ મળી રૂ. ૫૪,૪૧૪.૯૭ પૈસા વાદી કંપનીના બાકી નીકળતા હોય જે રકમ પ્રતિવાદી પાસેથી દરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત પરથી વાર્ષિક ૨૪ ટકાના ચડતા વ્યાજના દરે વસુલ અપાવવા તેમજ દાવાને આનુસંગિક મળતી તમામ દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) હાલનો દાવો દાખલ થતા પ્રતિવાદીને હાજર થવા માટે પ્રોસેસ કરતા પ્રતિવાદીને પ્રોસેસ બજી જતાં પ્રતિવાદીએ અદાલતમાં હાજર રહી વાદીની અરજી અંગેના આંક – ૧૦ થી વાંધાજવાબ રજુ રાખેલ છે. જેમાં તેઓએ વાદીના દાવાની મહદઅંશે હકીકતોનો ઇન્કાર કરી મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદીના નામે કોઇ ખેતીની જમીન ઉના શહેરમાં કે ઉના તાલુકાના કોઇ ગામડામાં આવેલ નથી જેથી કુવા મારફત પાંચ હોર્સ પાવરની મોટર મુકી વાદી કંપનીની હળવા દબાણની લાઇનમાં વાયર જોડીને વીજ ચોરી કરતા હોવાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલી છે. વાદી કંપનીએ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે ખોટા અને ઉપજાવી કાઢેલા છે. વાદી કંપનીના અધિકારીઓએ પોતાનો ટાર્ગેટ પુરા કરવા તથા પ્રતિવાદી પાસેથી યેનકેન પ્રકારે મોટી રકમ મેળવવા પાવરચોરીનો ખોટો દાવો કરેલ છે. વાદી કંપની દ્ધારા પ્રતિવાદી વિરૂદ્ધ ખોટો દાવો દાખલ કરતા પ્રતિવાદીની બેઇજ્જતી અને બદનક્ષી થયેલ છે અને પ્રતિવાદીને માનિસક આઘાત પહોંચેલ છે જેથી વાદી કંપનીનો દાવો ખર્ચ સહિત રદ કરવા તેમજ વાદી કંપની પાસેથી પ્રતિવાદીને સ્પેશ્યલ ખર્ચ પેટે રૂ. ૧૦,૦૦૦/– અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

તરફે કોઇ હાજર ન રહેતા આંક – ૧ તળે હુકમ કરી તા. ૦૩/૧૦/૨૦૨૫ ના રોજ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધનું કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે વાદી તરફે પોતાના પક્ષ નિવેદનની હકીકતોને સમર્થન કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**– ઃ વાદી તરફે મૌખિક પુરાવો ઃ–**

| | |
|---|---|
| ૧. આંક – ૨૪ | થી વાદી સંસ્થા તરફે જસુભાઇ ભીખાભાઇ બારડનું સરતપાસનું સોગંદનામું |
| ૨. આંક – ૪૩ | થી વાદી સંસ્થા તરફે સાહેદ અરજણભાઇ રાજાભાઇ ગોહીલનું સરતપાસનું સોગંદનામું |

**– ઃ વાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ ઃ–**

| | |
|---|---|
| ૧. આંક – ૨૬ | થી સ્થળ પરના રોજકામની ખરીનકલ |
| ૨. આંક – ૨૭ | થી સ્થળ પરનો પ્રતિવાદીના વિદ્યુત જોડાણનો તપાસણી અહેવાલની ખરીનકલ |
| ૩. આંક – ૨૮ | થી સ્થળ પર તૈયાર કરેલ એનેક્ષર – સી |
| ૪. આંક – ૨૯ | થી પ્રતિવાદીને આપેલ બિલની કેલ્ક્યુલેશન શીટ |
| ૫. આંક – ૩૦ | થી વાદી સંસ્થા તરફે પ્રતિવાદીને આપવામાં આવેલ પુરવણી બિલ |
| ૬. આંક – ૩૧ | થી વાદી સંસ્થાના વકીલશ્રી દ્વારા પ્રતિવાદીને મોકલેલ નોટીસ |
| ૭. આંક – ૩૨ | થી પોસ્ટ ખાતાની એક્નોલોજમેન્ટ |
| ૮. આંક – ૩૩ | થી પ્રતિવાદીના ખાતાની નકલ |
| ૯. આંક – ૩૪ | થી પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટે મળેલ મંજુરી |

૧૦. આંક – ૪૪ થી વાદગ્રસ્ત જગ્યા ઉપરના મીટરની લેઝરકોપી

ત્યારબાદ આ કામે આંક – ૪૫ થી વાદી તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી તરફે પોતાના પક્ષ નિવેદનની હકીકતોને સમર્થન કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**– ઃ પ્રતિવાદી તરફે મૌખિક પુરાવો ઃ–**

૧. આંક – ૪૯ થી પ્રતિવાદી આતુભાઇ પીઠાભાઇ વાજાનું સરતપાસનું સોગંદનામું

**– ઃ પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ ઃ–**

૧. આંક – ૫૧ થી પ્રતિવાદીના વીજ કનેક્શનનું બિલ

ત્યારબાદ આ કામે આંક – ૫૨ થી વાદી તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

(૪) આ કામે મારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્ધારા આંક – ૧૧ થી નીચે મુજબના મુદ્દાઓ નક્કી કરવામાં આવેલ.

**–ઃ મુદ્દા ઃ–**

1. Whether the plaintiff Company proves that the defendant has committed electricity theft as said in the plaintiff?
2. Whether the plaintiff company proves that the company is entitled to recover the amount of

Rs. 49,326.87/- and interest thereon from the defendant as prayed in the plaint?

3. Whether the suit is instituted within time limits?
4. Whether the plaintiff is entitled for the relied claimed?
5. What order and decree?

(૫) ઉપરોક્ત મુદ્દાઓનો મારા જવાબો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં, ૬ ટકા સાદા વ્યાજના દરે.

૩. હકારમાં

૪. હકારમાં

૫. આખરી હુકમ મુજબ

(૬) આ કામે વાદી તરફે વિ.વ. શ્રીની રજુઆત છે કે, આ કામે અદાલતે નક્કી કરેલ મુદ્દાઓ વાદી પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખી સાબિત કરવામાં આવેલ છે. આ કામે વાદી તરફે સોગંદ પર પુરાવો રજુ રાખી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે અને આ દસ્તાવેજો ખરીનકલ સ્વરૂપે અદાલતના રેકર્ડમાં સાબિત કરવામાં આવેલ છે. આ કામે વાદીની હકીકતોને પડકારવા માટે પ્રતિવાદી તરફે કોઇ ઠોસ અને સ્પષ્ટ સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી જેથી વાદી તરફે પ્રતિવાદી વિરૂદ્ધ કરવામાં આવેલા આક્ષેપો આ હકીકતોએ સાબિત માનવા જોઇએ તેવી સ્થિતિ રહેલ છે. આ કામે પ્રતિવાદીને આપવામાં આવેલ બિલ તથા લેણાની વસુલાત માટે પ્રતિવાદીને આપવામાં આવેલ નોટીસ અદાલતના રેકર્ડ પર રજુ કરવામાં આવેલ છે અને આ દસ્તાવેજો સાબિત કરવામાં તેમજ વાદીએ દાવામાં માંગ્યા મુજબનું લેણું વસુલ મેળવવા વાદી હક્કદાર બનતા હોય તેવી હકીકતો

સાબિત કરવામાં વાદી સફળ થાય છે તેવું માનવું જોઇએ તેમ જણાવી દાવો મંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

આ કામે પ્રતિવાદી તરફે વિ.વ. શ્રીની રજુઆત છે કે, પ્રતિવાદીના નામે કોઇ ખેતીની જમીન ઉના શહેરમાં કે ઉના તાલુકાના કોઇ ગામડામાં આવેલ નથી જેથી કુવા મારફત પાંચ હોર્સ પાવરની મોટર મુકી વાદી કંપનીની હળવા દબાણની લાઇનમાં વાયર જોડીને વીજ ચોરી કરતા હોવાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલી છે. પ્રતિવાદી તરફે રજુ આંક – ૨૬ થી રજુ રોજકામમાં પણ સદર જમીન સરકારી જમીન આવેલ હોવાનું લખવામાં આવેલ છે. વાદગ્રસ્ત જગ્યાએ પ્રતિવાદીનું રહેણાંક મકાન આવેલ છે જે મકાનમાં વાદી સંસ્થાનું કાયદેસરનું વીજ મીટર લગાડેલ છે તેમજ સદર મકાનમાં વપરાશ અંગેનું પ્રતિવાદીએ નિયમિત બિલ ભરેલ છે. વાદીએ પ્રતિવાદીના મકાન સામે કોઇ લેણું કે પાવરચોરીનો કેસ કરેલ નથી. વાદી કંપનીએ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે ખોટા અને ઉપજાવી કાઢેલા છે. વાદી કંપનીના અધિકારીઓએ પોતાનો ટાર્ગેટ પુરા કરવા તથા પ્રતિવાદી પાસેથી યેનકેન પ્રકારે મોટી રકમ મેળવવા પાવરચોરીનો ખોટો દાવો કરેલ હોઇ જે રદ કરવા અરજ ગુજારેલ છે.

**– ઃ કારણો ઃ–**

(૭) **મુદ્દા નં. ૧, ૨ તથા ૪ ના કારણોની ચર્ચા**

1. Whether the plaintiff Company proves that the defendant has committed electricity theft as said in the plaintiff?

2. Whether the plaintiff company proves that the company is entitled to recover the amount of Rs. 49,326.87/- and interest thereon from the defendant as prayed in the plaint?

4. Whether the plaintiff is entitled for the relied claimed?

(૮) આ કામે ઉપરોક્ત મુદ્દાઓ તથા કારણો એકબીજા સાથે મળતા આવતા હોય પુનરાવર્તન તથા લંબાણ નિવારવાના હેતુથી આ મુદ્દાઓની ચર્ચા અત્રે એકસાથે કરવામાં આવે છે.

(૯) આ કામે હાલનો દાવો દાખલ કરી આ કામના વાદી તરફે શરૂઆતથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામની વાદી સંસ્થાની ઈલેક્ટ્રિસિટી લાઇન માટેના જતા વાયરમાં આ કામના પ્રતિવાદીએ વચ્ચેથી ડાયરેક્ટ વાયર નાંખી ખરાબાની જમીનમાં આવેલ કુવાની મોટર સાથે જોડી પાવરચોરી કરેલ હોય તેવી હકીકતો તા. ૨૩/૦૧/૨૦૨૦ ના રોજ વીજચેકીંગ કરતા સમયે માલુમ પડેલ અને તેથી એસસમેન્ટ કરી કલમ -૧૩૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીને વીજ બિલ આપવામાં આવેલ. આ કામના પ્રતિવાદી પાસે રહેલ રૂ. ૪૯,૩૨૬.૮૭/- તથા ડી.પી.સી. રૂ. ૫,૦૮૮.૧૦/- એમ કુલ મળી રૂ. ૫૪,૪૧૪.૯૭/- વાદીનું લેણું નીકળે છે. આ રકમ મેળવવા માટે પ્રતિવાદીને નોટીસથી જાણ કરવા છતાં પ્રતિવાદી રકમ ચુકવી આપતા નથી.

(૧૦) આ કામે આંક -૨૪ થી વાદી સંસ્થા તરફે જસુભાઇ ભીખાભાઇ બારડ તથા આંક – ૪૩ થી વાદી સંસ્થા તરફે સાહેદ અરજણભાઈ રાજાભાઈ ગોહીલનું સરતપાસનું સોગંદનામું રાખી દાવાની હકીકતોને સમર્થન કરેલ છે તેમજ તા. ૨૩/૦૧/૨૦૨૦ ના રોજ આ કામના પ્રતિવાદીની હાજરીમાં સ્થળ પર તેઓ તથા વાદી સંસ્થાના અધિકારીઓએ વીજ ચેકીંગ કરેલ અને તે સમયગાળા દરમિયાન આ કામના પ્રતિવાદી વીજ ચોરી કરતા હોવાનું માલુમ પડેલ. આ કામના પ્રતિવાદીના પોતાની જમીનની બાજુમાંથી પસાર થતી હળવા દબાણની લાઇનમાં બિન અધિકૃત વાયરથી વીજચોરી કરેલ હતી

જેથી આ કામના પ્રતિવાદીએ કરેલ વીજચોરી બદલ આ કામના પ્રતિવાદીને તકરારી બિલ આપવામાં આવેલું. આ કામના પ્રતિવાદીએ સદર બિલની રકમ વાદી સંસ્થાને ભરપાઇ કરી આપેલ નથી. આ વીજ ચેકીંગ કર્યા અંગેનું સ્થળ પરનું રોજકામ તથા જરૂરી દસ્તાવેજો તૈયાર કરવામાં આવેલ. જેમાં વાદી સંસ્થાના અધિકારીઓની સહી છે તેમજ આ કામના પ્રતિવાદી પાસે કહેવાતી રકમ કઇ રીતે લેણું થયેલ તે દર્શાવતા ગણતરી પત્રકો તેમજ પ્રતિવાદીને આપવામાં આવેલ બિલની ખરીનકલ તથા નોટીસ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ રીફર કરી આંક અપાવવા રજુઆત કરવામાં આવેલ છે.

(૧૧) આ કામે આંક –૨૬ થી સ્થળ પરનું રોજકામ રજુ કરવામાં આવેલ છે જેમાં આતુભાઇ પીઠાભાઇ વાજા સ્થળ –તપોવન મંદિર પાસે, તા. ૨૩/૦૧/૨૦૨૦, સમય ૧૦–૩૦ એવું લખેલ રોજકામ રજુ કરવામાં આવેલ છે. આ રોજકામમાં એવી હકીકત લખવામાં આવેલ છે કે, "તપોવન મંદિર સામે બાબુભાઇ બેચરભાઇ બારૈયા તથા વિજયભાઇ જેઠાલવાલ કમવાણીની જમીન (ફાર્મ હાઉસ) આવેલ છે. આ ફાર્મ હાઉસની પાછળના ભાગે પશ્ચિમ બાજુએ આતુભાઇ પીઠાભાઇ વાજાની જમીન તથા સરકારી ખરાબાની જમીન આવેલ છે. આતુભાઇ પીઠાભાઇની વાડીમાં તપાસ કરતા તેણે પોતાની જમીનની બાજુમાં આવેલ ખરાબામાં પાકો કુવો બનાવેલો છે. આ કુવામાં તેણે પાંચ હોર્સ પાવરની મોટર બેસાડેલી છે. તેને પોતાની જમીનમાં કે આ કુવા ઉપર કોઇ કાયદેસરનું વીજ જોડાણ આવેલ નથી તેમ છતાં આ ઇસમ આતુભાઇ પીઠાભાઇએ વિજયભાઇ કમવાણીના વીજ જોડાણના વીજ પોલ પરથી બિન અધિકૃત રીતે કાળા રંગના કેબલ વાયરની મદદથી જોડાણ કરી કુવાની મોટરમાં વીજ ચોરી કરેલ છે. જે જગ્યાનો નકશો પણ રોજકામમાં દોરવામાં આવેલ છે. આ રોજકામમાં નીચે પી.જી.વી.સી.એલ. ના અધિકારીઓની સહી છે તેમજ પ્રતિવાદીએ સહી કરવાની ના પાડેલ છે તેવું લખવામાં આવેલ છે.

(૧૨) આ કામે આંક – ૨૭ થી વીજ જોડાણ તપાસણી અહેવાલ એવા હેડીંગ નીચે તા. ૨૩/૦૧/૨૦૨૦ ના રોજ તપોવલ મંદિર સામે, ઉનામાં કરવામાં આવેલ તપાસણી માટેનો અહેવાલ રજુ કરવામાં આવેલ હોય તેવું જણાય આવે છે. જેમાં ગ્રાહકનું નામ આતુભાઇ પીઠાભાઇ વાજા લખવામાં આવેલ છે. મીટરની વિગતમાં "બિન ગ્રાહક" તેવું લખવામાં આવેલ છે તેમજ પ્રતિવાદી વાદી કંપનીની હળવા દબાણની લાઇનમાં બિનઅધિકૃત રીતે વીજ જોડાણ કરી વીજચોરી કર્યાની હકીકત તેમજ વીજ સ્થાપન જોડાણના લોડની વિગત લખવામાં આવેલી છે. સદર અહેવાલમાં નીચે ચેકીંગ પાર્ટીના અધિકારીની સહી કરવામાં આવેલ છે તેમજ હાજર પ્રતિનિધિએ સહી કરેલ નથી તેવું લખવામાં આવેલ છે.

(૧૩) આ કામે આંક – ૨૮ થી એનેક્ષર –સી એવા હેડીંગ નીચેનું એક ફોર્મ રજુ કરવામાં આવેલ છે. જેમાં વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ – ૧૩૫ ની પેટા કલમ – ૨ મુજબ તથા સરકારશ્રીના હુકમ મુજબ મળેલ સત્તાની રૂએ આ કામના પ્રતિવાદીના ઘરે સોંદરડા ગામે ચેકીંગ કરતા બિન અધિકૃત જોડાણ હોવાનું લખવામાં આવેલ છે. આંક – ૨૯ થી પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ વીજ ચોરી અંગેનું ગણતરી પત્રક રજુ રાખવામાં આવેલ છે. જે મુજબ તા. ૨૩/૦૧/૨૦૨૦ ના રોજ ચેકીંગ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. આ ચેકીંગ શીટમાં કુલ ૩૬૫ દિવસ ધ્યાને લેવામાં આવેલ હોય તેવું લખવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીએ કરેલ વીજચોરીની ગણતરી બાબતે કુલ ૮૧૬૯ યુનિટનો વપરાશ લખવામાં આવેલ છે તેમજ ફીક્સ ચાર્જ રૂ. ૧૯૪૬.૬૭/– તેમજ એનર્જી ચાર્જીસ રૂ. ૧૩૦૭૦.૪૦/– તથા ફ્યુઅલ ચાર્જ રૂ. ૩૪,૩૦૯.૮૦/– મળી કુલ રૂ. ૪૯,૩૨૬.૮૭/– લખવામાં આવેલ છે. સદર ગણતરી પત્રકમાં નીચે વાદી સંસ્થાના અધિકારીની સહી છે.

(૧૪) આ કામે આંક – ૩૦ થી આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ કહેવાતા વીજચોરીના પુરવણી બિલ સાથેની નોટીસ રજુ કરવામાં આવેલ છે. આ બિલમાં કુલ રકમ રૂ. ૫૪,૩૨૬.૮૭ પૈસા વસુલ લેવાની બાકી નીકળતી હોય તેવું લખવામાં આવેલ છે. આ કામ આંક – ૩૧ થી વાદીના વકીલશ્રી મારફ્ત પ્રતિવાદીને નાણા ભરપાઈ કરવા અંગેની નોટીસ રજુ રાખેલ છે. આંક – ૩૨ થી પોસ્ટ ખાતાની એક્નોલોજમેન્ટ રજુ રાખેલ છે જે વંચાણે લેતા સદર નોટીસ બજી ગયેલાનું જણાઈ આવે છે. આંક – ૩૩ થી પ્રતિવાદીના ખાતાનો લેઝર ઉતારો રજુ રાખેલ છે જેમાં પ્રતિવાદી બિનગ્રાહક હોય તા. ૨૩/૦૧/૨૦૨૦ થી તા. ૩૦/૦૯/૨૦૨૦ સુધીના પાવર ચોરીના બિલની રકમ રૂ. ૪૯,૩૨૬.૮૭ પૈસા ઉપર રૂ. ૫,૦૮૮.૧૦ પૈસા ડીલે પેમેન્ટ ચાર્જ હોવાનું લખવામાં આવેલ છે. આ કામે આંક – ૩૪ થી વાદી સંસ્થા દ્ધારા પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટેની મંજુરીનો હુકમ રજુ રાખેલ છે તેમજ આ કામે વાદી તરફે આંક – ૪૪ થી વાદી તરફે પ્રતિવાદીના વાદગ્રસ્ત જગ્યા ઉપરના મીટરના લેઝરની ખરીનકલ રજુ રાખેલ છે.

(૧૫) આ કામના પ્રતિવાદી તરફે આંક – ૪૯ થી પ્રતિવાદી આતુભાઈ પીઠાભાઈ વાજાનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. જેમાં પ્રતિવાદીએ વાંધા જવાબમાં જણાવેલ હકીકતો મુજબની હકીકતો જણાવી વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીના નામે ઉના તાલુકાના ચાંચકવડ ગામે બંધ મકાન આવેલ છે તેમની દાવાના કામે તકરાર નહીં હોવા છતાં તેનું રેકર્ડ રજુ કરેલ છે. વાદીએ પોતાની જુબાનીમાં પણ પ્રતિવાદીના મકાનનું કોઈ લેણું નીકળતું નહી હોવાનું કબુલ રાખેલ છે. વાદીએ પ્રતિવાદીના મકાન સામે કોઈ લેણું કે પાવરચોરીનો કેસ કરેલ નથી.

(૧૬) આ કામના પ્રતિવાદી તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, પ્રતિવાદીના નામે કોઈ ખેતીની જમીન ઉના શહેરમાં કે ઉના તાલુકાના કોઈ ગામડામાં આવેલ નથી જેથી કુવા મારફ્ત પાંચ હોર્સ પાવરની મોટર મુકી

વાદી કંપનીની હળવા દબાણની લાઇનમાં વાયર જોડીને વીજ ચોરી કરતા હોવાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલી છે પરંતુ સદર હકીકતોને ખંડન કરતો કોઇ માનવાલાયક સ્પષ્ટ પુરાવો રજુ રાખેલ નથી. વાદી દ્વારા પોતાની દાવા અરજીમાં વાદગ્રસ્ત જગ્યા પ્રતિવાદીની જમીન નહીં પરંતુ તપોવન મંદિર પાસે તથા પ્રતિવાદીની જમીનની બાજુમાં આવેલ ખરાબાની જમીનમાં પ્રતિવાદીએ પાકો કુવો બનાવી કુવાની મોટરમાં વાદી કંપનીના વીજ પોલ પરથી બિન અધિકૃત વીજ જોડાણ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ વાદગ્રસ્ત જગ્યા એ તપોવન મંદિરની બાજુમાં આવેલ છે. પ્રતિવાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે તપોવન મંદિરની બાજુમાં આવેલ મકાન તેમનું પોતાનું છે જે મકાન બનાવેલ તે જમીન સરકારની છે. આમ, પ્રતિવાદી તપોવન મંદિર એટલે કે વાદગ્રસ્ત પાવર ચોરી વાળી જગ્યાની સરકારી ખરાબાની જમીનનો ઉપયોગ-ઉપભોગ કરતા હોવાની હકીકતને માનવાને કારણ જણાઇ આવે છે.

(૧૭) વાદી તરફે રજુ કરવામાં ઉપરોક્ત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આ કામના વાદી સંસ્થાના જવાબદાર અધિકારીઓ તરફે આ કામના પ્રતિવાદીને કહેવાતી વીજ ચોરી બાબતે ચેકીંગ કરવામાં આવેલું તેવી હકીકતો વીજ સંસ્થાના ચેકીંગ કરનાર અધિકારીઓના પુરાવાઓથી આ કામના વાદી તરફે સાબિત કરવામાં આવેલ હોય તેવું માનવાને કારણ જણાય આવે છે. વાદી સંસ્થાના અધિકારીઓ જાહેર નોકરની વ્યાખ્યામાં આવે છે. કોઇ પણ જાહેર નોકર પોતાની કાયદેસરની ફરજના ભાગરૂપે જે કંઇ પણ દસ્તાવેજી પુરાવાઓ તૈયાર કરેલા હોય તે દસ્તાવેજો ખરા અને સાચા હોવાનું અનુમાન કરવાની કાયદાની સ્થિતિ રહેલ છે. વાદી સંસ્થાના ચેકીંગ કરનાર અધિકારીઓએ તેઓની ફરજના ભાગરૂપે તેઓની કચેરી તરફે કરવામાં આવેલ આદેશ મુજબ ચેકીંગ કરવામાં આવેલ તેવી હકીકતો ચેકીંગ કરનાર અધિકારી અદાલત સમક્ષ

સોગંદ પરના પુરાવામાં જણાવી રહેલ છે ત્યારે આ હકીકતો ખોટી હોય તેવું અનુમાન કરી શકાય તેવી સ્થિતિ રહેલ નથી.

(૧૮) આ કામના પ્રતિવાદીના ઘરમાં વીજ ચેકીંગ કરવામાં આવેલું અને તે સમયે આ કામના પ્રતિવાદી વાદી સંસ્થાના ગ્રાહક ન હોવા છતાં વાદી સંસ્થાની વીજ લાઇન પરથી બિન અધિકૃત રીતે સ્થળ પર વીજ ચોરી કરતા માલુમ પડેલ હોય તેવી હકીકતો વાદી તરફે શરૂઆતથી જાહેર કરવામાં આવેલ છે તેમજ વાદી સંસ્થાના અધિકારીઓ પોતાના મૌખિક પુરાવામાં તેમજ દસ્તાવેજી પુરાવાઓથી આ વીજ ચોરી થયેલ હોવાની હકીકતો અદાલત સમક્ષ રજુ રાખી રહેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ આધારે મૌખિક પુરાવાઓની હકીકતો તથા પક્ષ નિવેદનની હકીકતો સાબિત કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીને વીજ ચોરીનું બિલ આપવા છતાં તેમજ બાકી રકમ ચુકવી આપવા નોટીસ આપવામાં તેવા સંજોગો ધ્યાને લેતા આ કામના વાદી દાવામાં માંગ્યા મુજબની રકમ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હક્કદાર હોય તેવી હકીકતો માનવાને કારણ જણાય આવે છે જેથી મુદ્દા નં. ૧ તથા ૪ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે.

(૧૯) **અદાલતને સિવિલ પ્રોસિજર કોડની કલમ – ૩૪ ની જોગવાઇ મુજબ બાકી રહેતી રકમ છ ટકા લેખે સાદા વ્યાજના દરે વસુલ મેળવવા દાદ આપવાની સત્તા મળેલ છે**. આ કામે વાદી તથા પ્રતિવાદી વચ્ચે વ્યાજ બાબતે કોઇ સમજુતી કરવામાં આવેલ હોય તેવી હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના વાદીને આ કામના પ્રતિવાદી પાસેથી બાકી નીકળતી રકમ **રૂ. ૫૪,૪૧૪. ૯૭ પૈસા પર ૬ (છ) ટકા લેખે વ્યાજના દરે વસુલ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું માનવાને કારણ જણાય આવે છે.**

**મુદ્દા નં. ૩ ના કારણોની ચર્ચા**

3. Whether the suit is instituted within time limits?

(૨૦) આ કામે વાદી સંસ્થા તરફે કરવામાં આવેલ કહેવાતુ વીજ ચેકીંગ તા. ૨૩/૦૧/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ. આ કામના પ્રતિવાદી વિરૂદ્ધ વાદી સંસ્થા તરફે પાવરચોરીની લેણી રકમ વસુલ મેળવવા માટે હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. સમયમર્યાદા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા જ્યારે વસુલાત અંગેની કોઈ તકરાર હોય ત્યારે વધુમાં વધુ ત્રણ વર્ષની અંદર દાવો દાખલ કરવાનો રહે. તા. ૨૩/૦૧/૨૦૨૦ થી સદર લેણી રકમ વસુલ મેળવવા માટેનો સમય ગણવામાં આવે તો ત્રણ વર્ષનો સમય તા. ૨૩/૦૧/૨૦૨૩ ના રોજ પુરો થાય. હાલનો દાવો તા. ૧૪/૧૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ છે ત્યારે હાલનો દાવો મુદત મર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોવાનું ફલિત થતું હોય જેથી મુદ્દા નં. ૩ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૫ ના કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>– ઃ આખરી હુકમ ઃ–</u>**

(૧) આ કામના વાદીનો હાલનો દાવો આથી અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ આ કામના વાદીને રૂ. ૫૪,૪૧૪/– ની રકમ વાર્ષિક છ ટકાના સાદા વ્યાજના દરે દાવો દાખલ કર્યાની તારીખથી સદર રકમ વસુલ આપવામાં આવે નહી ત્યાં સુધી ચઢ્યે ચઢ્યી ચુકવી આપવી.

(૩) ખર્ચ સબંધિત કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૩૦ મી, માહે–જુલાઇ, સને – ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ. ઉના**
**તા. ૩૦/૦૭/૨૦૨૬**

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
**એડીશ્નલ સિનિયર સિવિલ જજ**
**ઉના. કોડ નંબર–GJ–01100**